# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

- ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ઍની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત દરેક મહિનાના બીજા મંગળવારની જેમ તા.૧૨-૩-૨૦૧૯ના દિવસે ગુજરાતી સાહિત્ય પરિષદમાં બહેનો માટેની લેખન કાર્યશાળા યોજાઈ હતી. એમાં લગભગ ૨૦-૨૫ બહેનોએ કાવ્ય, ટૂંકી વાર્તા, ચરિત્રનિબંધ, લઘુકથા વગેરે વિવિધ સ્વરૂપોની પોતપોતાની કૃતિઓનું પઠન કર્યું. દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત બિંદુબહેન ભટ્ટની હાજરી અને એમનું માર્ગદર્શન નોંધપાત્ર બની રહ્યાં. સર્જનમાં રસ ધરાવતી બહેનોને આ કાર્યશાળામાં નિમંત્રણ છે.

- ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ચી. મં. ગ્રંથાલયમાં દર મહિનાની ૧૭મી તારીખથી એ પછીના શનિવાર સુધી યોજાતા પુસ્તક-પ્રદર્શનમાં માર્ચ મહિનામાં તા. ૧૮ થી ૨૩ દરમિયાન શ્રી સુંદરમ્‌ના જન્મદિવસ (૨૨/૩) નિમિત્તે ગાંધીયુગના કવિઓનાં પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું. તેમાં મહામંત્રીશ્રી પ્રફુલ્લ રાવલ, ઉપપ્રમુખશ્રી રાજેન્દ્ર પટેલ, શ્રી અનિલાબહેન દલાલ, શ્રી રૂપા શેઠ, ગ્રંથાલયમંત્રી શ્રી પરીક્ષિત જોશી ઉપરાંત પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ અને સાહિત્યરસિકોએ પુસ્તક-પ્રદર્શનની મુલાકાત લીધી હતી. હંમેશાં પ્રિવ્યુ અને ન્યૂઝ પ્રકાશિત-પ્રસારિત કરતા શ્રી રૂપાબહેન મહેતા અને કાર્યક્રમ-નિર્માતા શ્રી મૂકેશભાઈ લિમ્બાચિયાએ ડી. ડી. ગિરનાર ચેનલ દ્વારા આ પ્રદર્શનની વિશેષ નોંધ લઈને એક ડૉક્યુમેન્ટરી તૈયાર કરી હતી. જેમાં પરિષદપ્રમુખશ્રી સિતાંશુ યશશ્ચચંદ્ર, સ્વાધ્યાયપીઠમંત્રીશ્રી સમીર ભટ્ટ, કારોબારી સભ્ય શ્રી સેજલ શાહ, ગાંધીવિચારક અને મધ્યસ્થ સમિતિના સભ્યશ્રી પ્રકાશ ન. શાહ, શ્રી આશા ગોહિલ અને ગ્રંથાલયમંત્રીશ્રી પરીક્ષિત જોશીએ શ્રી સુન્દરમ્‌ના અને ગાંધીયુગના કવિઓ વિશે વાત કરી હતી. પરીક્ષિત જોશીએ સૌનો આભાર માન્યો હતો. આ વખતે એક વિશેષ આકર્ષણ એ હતું કે ગત વર્ષથી ચાલુ થયેલા આ કાર્યક્રમના આખા વર્ષના ફોટોગ્રાફસનો એક સ્લાઇડ શો તૈયાર કરાયો હતા જેનો સાહિત્યરસિકોએ લાભ લીધો હતો.

- શ્રી ચી.મં. ગ્રંથાલયના સ્થાપના દિવસ ૧૭ માર્ચ, ૧૯૮૦ના સંદર્ભે ગત વર્ષે શરૂ કરવામાં આવેલા પુસ્તકપ્રદર્શન અંતર્ગત ૧૭ માર્ચ ૨૦૧૮ના રોજ એકદિવસીય અદેય પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ, વર્ષ ૨૦૧૮માં દર મહિને ગુજરાતી ભાષાના સર્જકના જન્મદિવસ નિમિત્તે સાહિત્યના કોઈ એક સ્વરૂપ વિશે કે યુગ વિશે પુસ્તકપ્રદર્શનો યોજાતાં રહ્યાં જેમાં, એપ્રિલ માસમાં અનૂદિત પુસ્તકોનું પ્રદર્શન થયું હતું. મે માસમાં આત્મકથા અને જીવનચરિત્રનાં પુસ્તકોનું પ્રદર્શન

રાખવામાં આવ્યું હતું. જૂન માસમાં ફાધર્સ ડે નિમિત્તે પિતાવિષયક અને પારિવારિક સંબંધોનાં સંસ્મરણોનાં પુસ્તકોનું પ્રદર્શન હતું. જુલાઈ માસમાં ઉમાશંકર જોશીનાં ૧૦૮મા જન્મદિવસ નિમિત્તે તેમનાં ૧૦૮ પુસ્તકોનું પ્રદર્શન રાખ્યું હતું. ઑગસ્ટમાં 'નર્મદ-દલપત' યુગનાં પુસ્તકોનું પ્રદર્શન રાખ્યું હતું. સપ્ટેમ્બર માસમાં શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીના જન્મદિન નિમિત્તે પંડિતયુગનાં પુસ્તકોનું પ્રદર્શન, ઑક્ટોબરમાં જ્યોતીન્દ્ર દવેનાં જન્મદિન નિમિત્તે હાસ્યસાહિત્યનાં પુસ્તકોનું પ્રદર્શન, નવેમ્બરમાં ગિજુભાઈ બધેકાના જન્મદિન નિમિત્તે બાળસાહિત્યનાં પુસ્તકોનું પ્રદર્શન. ડિસેમ્બરમાં કનૈયાલાલ મુનશીના જન્મદિવસ નિમિત્તે ઐતિહાસિક નવલકથાઓનાં પુસ્તકોનું પ્રદર્શન રાખ્યું હતું. જાન્યુઆરી માસમાં રાજેન્દ્ર શાહનાં જન્મદિવસ નિમિત્તે રાજેન્દ્ર-નિરંજન યુગની કવિતાનાં પુસ્તકોનું પ્રદર્શન, ફેબ્રુઆરી માસમાં શ્રી ઈશ્વર પેટલીકરના જન્મદિવસ (૧૦-૨) નિમિત્તે 'ગુજરાતી નવલકથા'નું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું.

■ રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા. ૧૩-૩-૨૦૧૯ના રોજ સાંજે ૬-૦૦ કલાકે શ્રી રાજેન્દ્ર પટેલે 'સાંપ્રત સમસ્યાઓ અને રવીન્દ્ર સાહિત્ય' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

❑

## સાભાર સ્વીકાર

### કવિતા

**ચપટી શમણાંની કુબેર** ચતુર પટેલ, ૨૦૧૭, લજ્જા પબ્લિકેશન, વ.વિદ્યાનગર, ૨ + ૭૪, રૂ. ૧૫૦ **હાથ સળગે છે હજી** પિયૂષ ચાવડા, ૨૦૧૮, આસ્થા પબ્લિકેશન, રાજકોટ, ૨૦ + ૧૦૮, રૂ. ૧૧૦ **ડોકે ચાવી બાંધેલ કાગડો** રમેશ આચાર્ય, ૨૦૧૮, લટૂર પ્રકાશન, ભાવનગર ૮ + ૪૮, રૂ. ૯૦ **કલમ, કાગળ ને કવિતા** ચિંતન ઠક્કર, ૨૦૧૮, એ/૬, પુષ્પકુંજ બંગલો, સાયન્સ સિટી રોડ, અમદાવાદ, ૬ + ૨૨, રૂ. ૬૦ **કિનારો હજી દૂર છે** દેવજી ત્રિ. થાનકી, ૨૦૧૮, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, ૧૦ + ૧૨૫, રૂ. ૧૩૫ **સફરનો થાક નથી** દેવજી ત્રિ. થાનકી, ૨૦૧૮, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, દેવજી. ત્રિ. થાનકી, ૨૦૧૮, રન્નાદે પ્રકાશન, અમદાવાદ ૧૦ + ૮૯ રૂ. ૧૦૦.